જિંગલ જિંગલ ZAGMAG

Saturday, 07-11-2026

દિવાળી સ્પેશિયલ

દિવાળીનો ખરો પ્રકાશ

કિરીટ ગોસ્વામી

દિવાળીને હવે ગણતરીના દિવસો જ બાકી હતા. આખું ઘર રોશનીથી ઝગમગી રહ્યું હતું. નાનકડી નેન્સી ખૂબ જ ઉત્સાહમાં હતી. તે ટેબલ પર બેસીને ફટાકડા, નવા કપડાં અને મોંઘી ચોકલેટ્સનું એક લાંબું લિસ્ટ બનાવી રહી હતી.

તેના દાદાજી ચશ્માં સરખા કરતાં-કરતાં તેની પાસે આવ્યા અને પૂછ્યું- 'અરે વાહ નેન્સી બેટા! શેનું લિસ્ટ બને છે?'

નેન્સીએ હસીને કહ્યું- 'દાદાજી, આ તો મારી દિવાળીની શોપિંગનું લિસ્ટ છે! આ વખતે મારે સૌથી મોટા ફટાકડા ફોડવા છે, આખા ઘરમાં રોશની કરવી છે અને દોસ્તોને મોંઘી ગિફ્ટ આપવી છે. દિવાળી એટલે જ ધામધૂમથી ઊજવણી, ખરું ને?'

દાદાજી સહેજ મુસ્કુરાયા. તેમણે નેન્સીનો હાથ પકડ્યો અને કહ્યું- 'બેટા, તારી ઊજવણીની તૈયારી તો સરસ છે, પણ શું તને ખબર છે કે દિવાળીનો ખરો અર્થ શું છે?'

નેન્સીએ નવાઈ પામીને પૂછ્યું- 'ખરો અર્થ? એટલે શું દાદાજી?'

દાદાજીએ તેને શાંતિથી સમજાવતા કહ્યું- 'દિવાળી એટલે માત્ર ફટાકડાનો અવાજ કે મોંઘી વસ્તુઓ ખરીદવી એટલું જ નથી. દિવાળીનો ખરો અર્થ છે - પરિવારનો પ્રેમ, આત્મિયતા અને બીજાના જીવનમાં ખુશીઓનો પ્રકાશ ફેલાવવો.'

'બેટા, આ જ છે દિવાળીનો સાચો પ્રકાશ. જ્યારે આપણે આપણી ખુશીઓ અન્યો સાથે વહેંચીએ છીએ, ત્યારે તે બમણી થઈ જાય છે.'

આ સાંભળીને નેન્સી થોડી વિચારમાં પડી ગઈ. દાદાજી જાણી ગયા કે નેન્સીને આ વાત થોડી અલગ રીતે સમજાવવી પડશે. તેમણે કહ્યું- 'ચાલ, આજે આપણે બંને સાથે મળીને દિવાળીની ખરી ઊજવણીની શરૂઆત કરીએ.'

દાદાજી નેન્સીને લઈને રસોડામાં ગયા. ત્યાં નેન્સીની મમ્મી અને દાદીમાએ પ્રેમથી સ્વાદિષ્ટ મીઠાઈઓ અને ઘૂઘરા-ચેવડો બનાવ્યા હતા. દાદાજીએ બધી મીઠાઈઓ સુંદર બોક્સમાં પેક કરાવી. પછી તેઓ નેન્સીને લઈને શહેરની એક નાની સરકારી શાળાના મેદાનમાં ગયા, જ્યાં આસપાસના મજૂર પરિવારોના નાનાં બાળકો રમતા હતાં.

દાદાજી અને નેન્સીએ ત્યાં જઈને બધાં બાળકોને મીઠાઈના બોક્સ આપ્યા અને માટીના સુંદર કોડિયાં વહેંચ્યાં. મીઠાઈ જોતાં જ એ ગરીબ બાળકોના ચહેરા પર જે નિર્દોષ અને અદ્‌ભુત સ્મિત આવ્યું, તે જોઈને નેન્સીની આંખોમાં એક અનોખી ચમક આવી ગઈ. તે બાળકો ખુશીથી નાચવા લાગ્યા!

નેન્સીએ દાદાજીનો હાથ પકડીને કહ્યું- 'દાદાજી, મને મોંઘા ફટાકડા ફોડવાથી જે આનંદ થયો હોત, તેના કરતાં હજાર ગણો આનંદ આ બાળકોના ચહેરા પર સ્મિત જોઈને થયો!'

દાદાજીએ પ્રેમથી નેન્સીના માથા પર હાથ મૂક્યો અને કહ્યું- 'બેટા, આ જ છે દિવાળીનો સાચો પ્રકાશ. જ્યારે આપણે આપણી ખુશીઓ અન્યો સાથે વહેંચીએ છીએ, ત્યારે તે બમણી થઈ જાય છે.'

સાંજે જ્યારે આખો પરિવાર તેના ઘરે ભેગો થયો, ત્યારે નેન્સીએ પોતાના ફટાકડાનું લિસ્ટ બાજુ પર મૂકી દીધું. તેણે ઘરના આંગણામાં માટીના દીવા પ્રગટાવ્યા. રાત્રે દાદાજી, દાદી, મમ્મી, પપ્પા અને નેન્સી બધાએ સાથે બેસીને વાતો કરી, જૂની યાદો તાજી કરી અને અંતાક્ષરી રમી!

નેન્સી સમજી ગઈ હતી કે મોંઘા ફટાકડા, મીઠાઈઓ અને ભપકા કરતાં, પરિવારનો સાથે હોવો, એકબીજા પ્રત્યેનો પ્રેમ અને જરૂરિયાતમંદોને મદદ કરવી એ જ દિવાળીની ખરી ઊજવણી છે. ■



જંગલમાં દિવાળી આવી



જંગલનાં ખૂણે ખૂણે આજ
થઈ છે બહુ જ તૈયારી
દિવાળી આવી, દિવાળી આવી
સૌને લાગી પ્યારી પ્યારી.

હાથીભાઈ તો હરખાતા
સૂંઢથી ઘરની સફાઈ કરતા
કૂતરાભાઈ તો લાવ્યા રંગ
રંગથી ઘરને સજાવતા
મીઠાઈ, ફટાકડાની થઈ ખરીદી
સૌએ તૈયારી કરી સારી
દિવાળી આવી, દિવાળી આવી
સૌને લાગી પ્યારી પ્યારી.

શિયાળ તો લાવ્યું સૂતરી બોમ્બ
જંગલમાં ધડાકા કરવા મોટા
સૌએ હરખથી ગાગડી કાઢીને
ગેંડાભાઈએ બનાવ્યાં ગોટા
સિંહણરાણી સાડીને સેન્ડલમાં
લાગે બહુ ન્યારી ન્યારી
દિવાળી આવી, દિવાળી આવી
સૌને લાગી પ્યારી પ્યારી.

સસલાભાઈ તો થેલો ભરી
લાવ્યાં લક્ષ્મી, મીરચીના ટેટા
ટેટાના અવાજથી વાંદરાભાઈ
હૂપાહૂપ કરી રહેતા છેટા
સિંહ ને વાઘ પપપ ફોડતા
જંગલમાં એ તો પડતા ભારી.
દિવાળી આવી, દિવાળી આવી
સૌને લાગી પ્યારી પ્યારી.

આવી દિવાળી

આવી દિવાળી આવી દિવાળી આવી દિવાળી
હર્ષ, આનંદ,ઉમંગ ને મોજમસ્તીની આવી દિવાળી

ક્રોધ, ભય, મોહમાયા ને લોભની તમે કરજો હોળી
આવી દિવાળી આવી દિવાળી આવી દિવાળી

ભ્રષ્ટાચાર, વ્યભિચાર, વ્યસનોને ચાંપો દિવાસળી
માનવ માનવના મનમાં પ્રગટાવો સ્નેહની ધૂપસળી

હૈયામાં પ્રગટાવો દેશદાઝ, દેશપ્રેમની ફૂલઝડી
દિવડાઓની રોશનીથી મનની દુનિયા ઝળહળી

બાળકોમાં પૂરો દેશદાઝ,નીડર, નિર્ભયતાની રંગોળી
આતંકવાદ સામે લડવા નાતજાતની ના કરો ટોળી


મા હિંદ કાજે, મા ભોમ કાજે વખને પીજો ઘોળી
હર્ષ, આનંદ, ઉમંગ, મોજમસ્તીની આવી દિવાળી

- કનુજી કેશાજી ઠાકોર 'કનકસિંહ'

ચિત્રમાં સુંદર રંગ પૂરો



ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.



(૧) દેશ ફરો, પરદેશ ફરો .....
(૨) હાથના કર્યા .....
(૩) થોડે નફે .....
(૪) ભણે ગણે તે લેખાં લખે ને.....
(૫) બેસવાની ડાળ .....
(૬) સસ્તું ભાડું ને .....
(૭) બાર ગાઉએ .....
(૮) દાઝ્યા પર ડામ ને.....
(૯) સૌ સૌના .....
(૧૦) નવો નિશાળિયો નવ દહાડા ને.....

(૧) ઘણું કરે તો દસ દહાડા, (૨) ન ભણે તે દીવો કરે, (૩) પડ્યા પર પાટું, (૪) સિદ્ધપુરની યાત્રા, (૫) ઘરમાં શેઠ, (૬) બોલી બદલાય, (૭) ભાગ્ય વિનાનો કૂદકો ભરો, (૮) કપાયનહિ, (૯) હૈયે વાગ્યા, (૧૦) બમણો વકરો

કહેવતોની કરામતનો જવાબ :


(૧) દેશ ફરો, પરદેશ ફરો, ભાગ્ય વિનાનો કૂદકો ભરો.
(૨) હાથના કર્યા હૈયે વાગ્યા.
(૩) થોડે નફે બમણો વકરો.
(૪) ભણે ગણે તે લેખાં લખે ને ન ભણે તે દીવો કરે.
(૫) બેસવાની ડાળ કપાય નહિ.
(૬) સસ્તું ભાડું ને સિદ્ધપુરની યાત્રા.
(૭) બાર ગાઉએ બોલી બદલાય.
(૮) દાઝ્યા પર ડામ ને પડ્યા પર પાટું.
(૯) સૌ સૌના ઘરમાં શેઠ
(૧૦) નવો નિશાળિયો નવ દહાડા ને ઘણું કરે તો દસ દહાડા.

ACTION VERBS
WORD SEARCH

Find and circle the words in the puzzle.

R	U	N	J	U	M	P	P	L	A	Y	Q
D	B	C	L	I	M	B	S	I	N	G	E
W	A	L	K	E	F	L	Y	D	R	I	V
S	W	I	M	X	J	H	I	D	E	K	B
T	A	L	K	L	I	S	T	E	N	G	O
E	A	T	M	D	A	N	C	E	Y	C	Z
S	L	E	E	P	R	E	A	D	S	U	N
W	R	I	T	E	L	A	U	G	H	G	O


WORD LIST




Spot 10 Differences



Can u Solve it !



દીવડાઓનું રહસ્ય અને નાનકડા કુંભારની દિવાળી



ગુજરાતના એક સુંદર ગામનું નામ હતું સુખપુર. ગામની ચારે બાજુ લીલાંછમ ખેતરો, આંબાનાં વૃક્ષો અને માટીનાં સુંદર ઘરો હતાં. ગામના લોકો સાદું જીવન જીવતા, પરંતુ એકબીજાના સુખ-દુખમાં હંમેશાં સાથે રહેતા.

દિવાળી નજીક આવતાં જ આખું ગામ રોશનીથી ઝગમગવા લાગતું. ઘરોની સફાઈ થતી, દરવાજે રંગોળીઓ બનતી અને બજારમાં મીઠાઈઓની સુગંધ ફેલાતી.

આ ગામમાં કાનુ નામનો અગિયાર વર્ષનો છોકરો રહેતો હતો. તેના પિતા ગોવિંદભાઈ કુંભાર હતા. તેઓ માટીના સુંદર દીવડા, રમકડાં અને બરણીઓ બનાવતા. કાનુને પણ પિતાની જેમ માટીનાં રમકડાં બનાવવાનો ખૂબ શોખ હતો.

એક દિવસ કાનુએ પિતાને પૂછ્યું, 'બાપુ, દિવાળીમાં લોકો આટલાં બધાં દીવડા કેમ પ્રગટાવે છે?'

ગોવિંદભાઈએ પ્રેમથી જવાબ આપ્યો, 'બેટા, દિવાળી પ્રકાશનો તહેવાર છે. દીવો આપણને શીખવે છે કે અંધકાર ગમે તેટલો મોટો હોય, એક નાનકડો પ્રકાશ પણ તેને દૂર કરી શકે છે.'

આ વર્ષે ગોવિંદભાઈએ દિવાળી માટે હજારો દીવડા બનાવ્યા હતા. પરંતુ બજારમાં રંગબેરંગી વીજળીના દીવડા અને સસ્તાં શણગારનાં સાધનો આવતાં લોકો માટીના દીવડા ઓછા ખરીદવા લાગ્યા.

દિવાળીને માત્ર પાંચ દિવસ બાકી હતા, છતાં દુકાનમાં મોટાભાગના દીવડા પડ્યા હતા.

પિતાને ઉદાસ જોઈને કાનુએ પૂછ્યું, 'બાપુ, આપણે આ વખતે કંઈક નવું કેમ ન કરીએ?'

'શું નવું કરીશું, દીકરા?'

કાનુએ પોતાના દફતરમાંથી એક ચિત્ર કાઢ્યું. તેમાં તેણે સાત રંગોથી રંગેલા સુંદર દીવડા દોર્યા હતા. દરેક દીવા પર ફૂલો, પતંગિયાં અને મોરની આકૃતિઓ હતી.

ગોવિંદભાઈ ખુશ થઈ ગયા. પિતા અને દીકરાએ સાથે મળીને સુંદર રંગીન દીવડા બનાવવાનું શરૂ કર્યું.

પરંતુ દિવાળીની આગલી સાંજ સુધી પણ ઘણા દીવડા વેચાયા નહોતા.

એ જ સાંજે કાનુને ગામના મંદિર પાસે જશોદાબા નામનાં વૃદ્ધ દાદી મળ્યાં. તેઓ ઉદાસ બેઠાં હતાં.

'દાદી, તમે અહીં એકલાં કેમ બેઠાં છો?' કાનુએ પૂછ્યું.

દાદીએ કહ્યું, 'બેટા, આ વર્ષે મારી પાસે દીવડા ખરીદવાના પણ પૈસા નથી. વિચાર્યું હતું કે જૂના દીવામાં જ દિવાળી કરી લઈશ.'

કોઈ બાળક મીઠાઈ લાવ્યું, કોઈએ અનાજ આપ્યું, તો કોઈએ પોતાના ખિસ્સાખર્ચમાંથી થોડા પૈસા બચાવ્યા. બધાંએ મળીને આ અભિયાનનું નામ રાખ્યું - 'એક દીવો ખુશીનો'.

કાનુ તરત જ દુકાને ગયો અને સાત સુંદર દીવડા લઈને પાછો આવ્યો.

'દાદી, આ તમારા માટે. આ વખતે તમારા ઘરમાં પણ સાત રંગોની દિવાળી થશે.'

જશોદાબાની આંખોમાં આંસુ આવી ગયાં. તેમણે કાનુના માથે હાથ ફેરવી આશીર્વાદ આપ્યાં.

ઘરે પહોંચીને કાનુએ માતાને આ વાત કહી. માતાએ પ્રેમથી કહ્યું, 'બેટા, દિવાળીનો સાચો આનંદ ત્યારે મળે છે જ્યારે આપણા કારણે કોઈના ચહેરા પર સ્મિત આવે.'

કાનુને એક સુંદર વિચાર આવ્યો.

બીજા દિવસે તે શાળાએ ગયો અને શિક્ષકને કહ્યું, 'સર, આપણે ગામનાં એવા પરિવારોની મદદ કરીએ જેમની પાસે દિવાળી ઉજવવાના પૂરતા પૈસા નથી.'

શિક્ષકને આ વિચાર ખૂબ ગમ્યો. તેમણે આખા વર્ગને આ અભિયાનમાં જોડાવા કહ્યું.

કોઈ બાળક મીઠાઈ લાવ્યું, કોઈએ અનાજ આપ્યું, તો કોઈએ પોતાના ખિસ્સાખર્ચમાંથી થોડા પૈસા બચાવ્યા. બધાંએ મળીને આ અભિયાનનું નામ રાખ્યું - 'એક દીવો ખુશીનો'.

ગામના સરપંચ અને વેપારીઓ પણ આ કાર્યમાં જોડાયા.

દિવાળીની સાંજે બાળકોની ટોળકી ગામના છેવાડે આવેલા ગરીબ પરિવારોનાં ઘરોમાં પહોંચી. તેઓ સાથે માટીનાં દીવડા, મીઠાઈ અને રંગોળીના રંગો લઈ ગયાં.

કોઈના ઘરના આંગણામાં રંગોળી બની, તો કોઈના દરવાજે દીવડા પ્રગટ્યા. બાળકો સાથે ગીતો ગાતાં અને હસતાં હતાં.

થોડા જ સમયમાં ગામના દરેક ઘરમાં ખુશીનો પ્રકાશ ફેલાઈ ગયો.

ગોવિંદભાઈ આ બધું જોઈ રહ્યા હતા. તેમણે કાનુને પાસે બોલાવ્યો.

'બેટા, આજે તું મને એક મોટી વાત શીખવાડી ગયો. દીવો માત્ર માટીનો નથી હોતો. સાચો દીવો તો એ છે, જે બીજાના જીવનમાં પ્રકાશ ફેલાવે.'

કાનુ હસી પડ્યો.

રાત્રે આખું સુખપુર ઝગમગી રહ્યું હતું. ઘરોની બહાર દીવડા પ્રગટ્યા હતા, આકાશમાં ચંદ્ર ચમકતો હતો અને બાળકો આનંદથી રમતાં હતાં.

કાનુએ પોતાના ઘરના આંગણામાં છેલ્લો દીવો પ્રગટાવ્યો. પવનનો નાનકડો ઝોકો આવતાં જ્યોત થોડી ડગમગી, પરંતુ બુઝાઈ નહીં.

તે દીવાને જોતાં કાનુને જશોદાબાનો ખુશ ચહેરો અને બીજા બાળકોનું હાસ્ય યાદ આવ્યું.

તેણે પિતાને કહ્યું, 'બાપુ, હવે મને સમજાયું કે દિવાળીનો સાચો પ્રકાશ ઘરની બહાર નહીં, આપણા હૃદયમાં પ્રગટે છે.'

ગોવિંદભાઈએ તેને પ્રેમથી ભેટી લીધો.

તે દિવસથી સુખપુરમાં એક સુંદર પરંપરા શરૂ થઈ. દર વર્ષે દિવાળીના દિવસે દરેક પરિવાર એક દીવો એવા ઘરમાં પ્રગટાવતો, જ્યાં ખુશીઓ અને પ્રકાશની સૌથી વધુ જરૂર હોય.

...અને આ રીતે નાનકડા કાનુએ આખા ગામને સમજાવ્યું કે પ્રકાશ વહેંચવાથી ક્યારેય ઓછો થતો નથી, પરંતુ અનેકગણો વધી જાય છે. ■

પિન્ટુની અનોખી દિવાળી

દીપક જગતાપ



દિવાળી દિવાળી પર્વ ક્યારે આવે એની કાગડોળે પિન્ટુ રાહ જોયાં કરતો. આ દિવાળીએ ભરપૂર ફટાકડા ફોડવાની જીદ લઈને બેઠો હતો.

દિવાળી આવતાં તેના ઘરમાં દીવા ચમકતા, રંગોળી શણગારતી અને મીઠાઈની સુગંધ ફેલાતી. પણને ફટાકડા ફોડવામાં પિન્ટુનેખૂબ જ મજા આવતી હતી.

એક સાંજે પિન્ટુએ મોટો અવાજ કરતો ફટાકડો બોમ્બ ફોડ્યો. 'ધડામ્...!' જાણે કોઇ મોટો બોમ્બ ફૂટ્યો હોય એમ મોટા અવાજથી આખું આંગણું કંપી ઊઠ્યું.પાસે રહેતી નાનકડી ટીકુડી ચકિત થઈને રડવા લાગી, પંખીઓ ડરીને ઉડી ગયાં , અને ઘરના વડીલ દાદાજીને કાનમાં દુખાવો થયો. પિન્ટુ ગભરાઈ ગયો.

દાદાજીએ તેને ખોળામાં બેસાડીને કહ્યું, 'બેટા, દિવાળી એટલે ફક્ત મોટો અવાજ નહીં, પણ પ્રેમ, પ્રકાશ અને સલામતીનો તહેવાર છે. મોટા અવાજવાળા ફટાકડા નાના બાળકો, પ્રાણીઓ અને બીમાર લોકોને ડરાવે છે... ઘણા વખતે તેમનો ધુમાડા હવા પ્રદૂષિત કરે અને અવાજ પણ નુકસાન કરે છે.'

પિન્ટુએ દાદાજીને પૂછ્યું, 'તો પછી આપણે દિવાળી કેવી રીતે મનાવીએ?'

દાદાજીએ હસીને કહ્યું, 'જો ફટાકડા ફોડવા જ હોય, તો નિર્દોષ અવાજ વગરના કે ગ્રીન ફટાકડા પસંદ કરવા. પણ એ પણ હંમેશા ખુલ્લા મેદાનમાં, ઘરના મોટા લોકોની સાથે, દૂરથી ફોડવા. ફટાકડા હાથમાં લઈને ક્યારેય ફોડવા નહીં. પાણી કે રેતીની ડબ્બી પાસે રાખવી અને સુતરાઉ કપડાં પહેરવા.'

પિન્ટુ એ આગળ પૂછ્યું, 'અને મીઠાઈઓ?'

વચ્ચે મમ્મીએ હસતાં હસતા કહ્યું, 'દિવાળીમાં મીઠાઈ ખાવાનો આનંદ તો છે, પણ વધુ પડતી મીઠાઈઓ અને ચોકલેટ ખાવાથી પેટ દુખે, દાંતમાં દુખાવો થાય અને તબિયત બગડી શકે. બજારમાં ઘણી ડુપ્લિકેટ મીઠાઈઓ વેચાય છે એ ન ખવાય. થોડી મીઠાઈ લેવી, ઘણું પાણી પીવું અને ફળો, મેવા તથા ઘરની સાદી વાનગીઓ પણ ખાવી.'

'દિવાળીમાં મીઠાઈ ખાવાનો આનંદ તો છે, પણ વધુ પડતી મીઠાઈઓ અને ચોકલેટ ખાવાથી પેટ દુખે, દાંતમાં દુખાવો થાય અને તબિયત બગડી શકે. બજારમાં ઘણી ડુપ્લિકેટ મીઠાઈઓ વેચાય છે એ ન ખવાય.'

પછી દાદાજીએ એક સુંદર વાત કહી, 'દિવાળીની રજાઓમાં ફક્ત ખાવાનું અને ફોડવાનું જ નહીં - કંઈક સર્જનાત્મક કાર્ય પણ કરવાની અલગ મઝા છે!'

પિન્ટુઅને તેના મિત્રોએ નક્કી કર્યું કે તેઓ હવેથી રંગીન કાગળ અને ફૂલોથી સુંદર રંગોળી અને આકાશ કંદીલ બનાવશે. માટીના દીવા શણગારશે અને ઘરને પ્રકાશથી સજાવશે. વૃદ્ધાશ્રમ કે પાડોશમાં રહેતા લોકો માટે નાની ભેટ અને શુભેચ્છા કાર્ડ બનાવશે. પરિવાર સાથે નજીકના સુંદર સ્થળોની મુલાકાત લેશે - બગીચો, તળાવ, મ્યુઝિયમ કે ઐતિહાસિક સ્થળ.

દર સાંજે પરિવાર સાથે વાર્તાઓ, ભજનો કે દિવાળીની રમતો રમશે.

આ વખતે પિન્ટુએ કોઈ મોટો અવાજવાળો ફટાકડો બોમ્બ ન ફોડ્યો. તેણે પિતાજી અને દાદાજીની સાથે, ખુલ્લા મેદાનમાં થોડા ગ્રીન ફટાકડા દૂરથી ફોડ્યા. પછી બધા સાથે દીવા પ્રગટાવ્યા, રંગોળી બનાવી અને પરિવાર સાથે આનંદ માણ્યો.

પિન્ટુએ ખુશીથી કહ્યું, 'આ વખતની દિવાળી ખરેખર સુંદર છે, કારણ કે અહીં ડર નથી, ફક્ત રમત, પ્રેમ અને ચમક છે!'

પિન્ટુએ આકાશ તરફ જોઈને કહ્યું, 'સલામત દિવાળી જ સાચી દિવાળી!'

અને ત્યારથી ગામના બધા બાળકો દિવાળીમાં ઓછા ધુમાડા, ઓછો આવાજ, વધુ દીવા, વધુ કલા અને પરિવાર સાથે ખુશી વહેંચીને તહેવાર ઉજવતા. ■

The True Joy of Diwali

Nainil J. Pandya



The city market sparkled with colourful lights as Diwali approached. Shops overflowed with sweets, lanterns and earthen lamps, while families hurried to finish their festive shopping.

Eleven-year-old Ram spent his Diwali holidays helping his father at their sweet shop. Across the street, a man named Mohan sold colourful paper lanterns and clay diyas from a small handcart. Every night, he tucked his belongings underneath his cart, spread a thin sheet on top and slept there.

"Everyone has different circumstances, son. We should try to understand people before making assumptions. We should always be grateful for what we have."

One evening, Ram noticed Mohan preparing to sleep on his handcart.

"Papa, why does Mohan uncle sleep on his cart every night? Doesn't he have a home?" Ram asked.

His father replied gently, "Everyone has different circumstances, son. We should try to understand people before making assumptions."

"I wonder why Mohan uncle has to sleep on his handcart. I wish everyone had a comfortable home to return to," Ram said innocently.

His father smiled. "That's a kind thought, Ram. We should always be grateful for what we have and help others whenever we can."

The next day, on the eve of Diwali, the market was crowded with shoppers preparing for the festival. Mohan was happily arranging his colourful lanterns and clay diyas on his handcart when a speeding motorcycle suddenly lost control and crashed into it. One of the cart's wheels bent, several lanterns were torn, and dozens of clay diyas shattered on the road. Before anyone could react, the motorcyclist sped away without stopping.

Ram immediately ran to his father. "Papa! A motorcycle has crashed into Mohan uncle's cart. Please come quickly!"

Ram and his father hurried over. Seeing the damage, other shopkeepers and passers-by rushed to help. Some collected the undamaged goods, while others cleared the broken diyas from the road.

"Are you hurt, Mohanbhai?" Ram's father asked.

"I'm fine, sir, but look at my cart and my goods!" Mohan replied sadly. "I don't know how I'll recover from this loss."

"I send money home for their expenses and my daughter's education. I sleep on my cart to save money on rent. I haven't celebrated Diwali with my family for five years. This year, I finally saved enough to visit them and promised my daughter I would be home."

Ram looked at the broken diyas. "Uncle, you worked so hard to arrange everything. How could someone cause so much damage and simply run away?" he asked.

Mohan looked at his broken diyas and torn lanterns, feeling helpless and miserable.

After making sure Mohan was safe, Ram's father asked, "Do you have family here in the city?"

"My wife and eight-year-old daughter live in a distant village," Mohan explained. "I send money home for their expenses and my daughter's education. I sleep on my cart to save money on rent. I haven't celebrated Diwali with my family for five years. This year, I finally saved enough to visit them and promised my daughter I would be home. Now, I may have to spend those savings repairing my cart and replacing my goods."

Ram felt a lump in his throat. "Uncle, your daughter must be waiting eagerly for you. We have to find a way to help you get home!" he said.

His father smiled. "You're right, son. Let's see what we can do together."

Ram's father immediately called a mechanic to repair the cart. He also bought most of Mohan's undamaged lanterns and diyas, paying him a fair price. Other shopkeepers joined in and purchased the remaining goods to support him.

Once the cart was repaired, Ram's father offered Mohan additional financial help to make up for his losses and cover his travel expenses.

"Now you can go home and celebrate Diwali with your family," he said warmly.

Mohan's eyes filled with tears. "Thank you so much for helping me. You have given me much more than money. You have given me the chance to keep my promise to my daughter and celebrate Diwali with my family. I will always remember your kindness," he said gratefully.

Ram hurried into the shop and returned with a box of sweets.

"These are for your wife and daughter, Mohan uncle!" Ram said cheerfully.

Mohan smiled gratefully and set off for his village, carrying the sweets and the happiness of a long-awaited reunion.

As Mohan left, Ram turned to his father and said, "Papa, I feel so happy that we could help Mohan uncle!"

His father smiled warmly and replied, "That's what makes our festivals truly special, son. The happiness we share with others makes our own celebrations even more meaningful."

That evening, as diyas glowed across the market, Ram felt happier than ever. Knowing that Mohan would finally celebrate Diwali with his family filled his heart with joy. For the first time, he understood that the brightest light of Diwali wasn't always the one that came from a diya or a lantern. Sometimes, it came from a simple act of kindness.

Moral

The true joy of Diwali lies in spreading kindness, helping those in need and sharing happiness with others. ■

The Midnight Monsters: Who's Afraid of the Dark?



Dear Uncle Fix-It,

I am Birva, a 14-year-old student in Class 9. I have a problem that I find rather embarrassing: I am terribly afraid of the dark! And I don't mean just dark, unfamiliar places. Even inside my own home, I feel frightened when the lights are switched off.

I cannot walk alone from one room to another if the lights are off. At bedtime, things that look perfectly normal during the day suddenly become scary. For example, clothes hanging behind a door sometimes look like ghosts! I also get the strange feeling that something is hiding under my bed and might suddenly come out and attack me.

The strangest part is that I don't even watch horror movies or scary television shows. Yet, these frightening thoughts keep coming back, especially at night. I have even tried chanting 'Om Namah Shivay' before entering a dark room, hoping it will make me feel brave. But somehow, my fear refuses to disappear! Why am I so scared of something as ordinary as darkness? Is there something wrong with me? And, most importantly, how can I overcome this fear?

Please help me switch off these scary thoughts!

- Birva

Dear Birva,

First things first: Relax! You are not living in a horror movie, there is no ghost waiting behind your bedroom door, and your bed is not secretly hosting a monster convention!

But jokes apart, I want you to know something important: There is absolutely nothing embarrassing about being afraid of the dark. Even grown-ups sometimes experience fear when they are alone in a dark room. So, you are certainly not the only one! Let's understand what is happening.

Why does darkness make us afraid?

Our brain is an extraordinary machine. One of its most important jobs is to protect us from danger. During the daytime, our eyes provide plenty of information about our surroundings. We can easily recognise a chair, a cupboard, a curtain or a pile of clothes.

But when the lights go off, our eyes cannot see things clearly. Our brain receives incomplete information and sometimes tries to fill in the gaps.

Is your bedroom perfectly safe during the day but suddenly turns into a haunted house at night? Do ordinary clothes, shadows and furniture begin to look frightening when the lights go off?

And guess what? It occasionally becomes a little too creative! A shirt hanging behind the door becomes a ghost. A curtain moving in the breeze becomes a mysterious creature. The space under your bed becomes a hiding place for imaginary monsters.

This happens because our imagination is working overtime. Psychologists sometimes describe this as a tendency to interpret unclear situations as threatening.

The more you think about something frightening, the more frightening it can become. If you repeatedly imagine a monster under your bed, your brain may start treating that imaginary possibility as a real danger.

This does not mean there is something wrong with you. It simply means your brain needs a little training to distinguish between imagined danger and actual danger.

Five tricks to defeat your midnight monsters!



Here is your personal mission to become the fearless commander of your bedroom!

1. Become a detective, not a frightened spectator: The next time your clothes look like a ghost, switch on the light and investigate. Walk closer and examine them. Touch the clothes. Move them around. You will discover that your terrifying ghost is actually your favourite T-shirt!

Do this whenever an ordinary object looks frightening. Gradually, your brain will learn not to panic at every strange shadow.

2. Start a darkness challenge: Don't try to become fearless overnight. Begin with something very small. Switch off your bedroom light but keep a dim night lamp on. Spend a few comfortable minutes in that setting. After a few days, try walking a short distance in a dimly lit room. Slowly increase the challenge as your confidence grows. This technique is called gradual exposure. It helps your brain understand that darkness is not automatically dangerous.

Remember, there is no competition here. Move at your own pace!

3. Give your imagination something better to do: Before sleeping, read a funny book, listen to soothing music or think about something enjoyable that happened during the day. You can also imagine yourself in a beautiful place: perhaps a beach, a garden or a magical kingdom where you are the superhero!

Avoid frightening stories and disturbing videos before bedtime. Even if you don't watch horror movies, some social media videos and spooky stories can influence your imagination.

4. Make your bedroom your happy place: Keep your room organised. Make sure your clothes are inside the cupboard instead of hanging behind the door. Keep a small night lamp near your bed if it makes you comfortable.

And about that mysterious space under your bed? Ask someone at home to check it with you once. After that, stop inspecting it repeatedly. You don't need to conduct a nightly monster census!

5. Don't fight your fear alone: Talk to your parents about what you experience. Tell them honestly how frightened you feel and ask them to support you while you gradually become comfortable with darkness.

If the fear continues for a long time, affects your sleep or stops you from doing ordinary activities, speak to a school counsellor or a mental health professional. They can teach you simple techniques to manage anxiety.

What about chanting 'Om Namah Shivay'?

There is nothing wrong with chanting a prayer if it gives you peace and comfort. It can become a lovely part of your bedtime routine.

However, remember that overcoming fear also requires understanding your thoughts and gradually changing your reactions. Don't feel disappointed if chanting alone doesn't make the fear disappear.

Your final mission!

Birva, I want you to remember one thing: Being brave does not mean never feeling afraid. Being brave means learning to handle your fear instead of allowing it to control you.

You don't have to switch off every light in your house tomorrow. You don't have to prove anything to anybody. Take small steps, celebrate every little achievement and be patient with yourself.

All the best, little warrior!

Yours cheerfully,

Uncle Fix-It ■

મધપૂડો

હાસ્યનાટક

જય જય શિવશંકર

‘પ્રભુ! તમે શંખ વગાડો છો ત્યારે અવશ્ય વરસાદ પડે છે, ખરું? પણ ત્રણ વર્ષથી તમે શંખ વગાડ્યો નથી. તમે શંખ વગાડવાનું ભૂલી નહિ જાવ શું?’

શંખ વાગવાની સાથે આકાશમાં પવન ફૂંકાવા લાગ્યો. વાદળ ઘેરાવા લાગ્યાં. જોતજોતામાં ધોધમાર વરસાદ પડવા લાગ્યો. ધરતીના લોકો રાજી રાજી થઈ ગયાં.



દેશમાં ત્રણ-ત્રણ વર્ષથી દુકાળ ચાલતો હતો. ધરતી તવાની જેમ તપતી હતી. વૃક્ષો સુકાઈ ગયાં હતાં. માણસો મરતાં હતાં.

ત્યારે જ આકાશમાં શિવ-પાર્વતીજી ફરવા નીકળ્યાં. પાર્વતીજી ધરતીના લોકોનું દુખ જોઈ શક્યાં નહિ.

તેમની આંખમાં આંસુ આવી ગયાં.

તેમ છતાં એક નવાઈની વાત એમણે જોઈ. એક ખેડૂત સુક્કી ધરતીને ખેડતો હતો. તેના બળદની દશા દયાજનક હતી. ધરતી સખત હતી. બળદનાં હાડકાં દેખાતાં હતાં.

પાર્વતીએ પૂછ્યું - ભગવાન! ત્રણ વર્ષથી વરસાદ પડ્યો નથી.

શિવજી કહે - અને બીજાં નવ વર્ષ સુધી પડવાનો પણ નથી.

પાર્વતીજી કંપી ગયાં. તેઓ કહે - તેમ છતાં આ ખેડૂત શું કામ ખેતી કરતો હશે?

શિવજી કહે - કામ કરવાની આદત ચાલુ રાખવા. જો દુકાળ દુકાળ કરી તે ખેતી કરવાનું ભૂલી જાય તો પાણી આવે ત્યારે પણ આળસ જઈ શકે નહિ.

હસીને પાર્વતી કહે - પ્રભુ! તમે શંખ વગાડો છો ત્યારે અવશ્ય વરસાદ પડે છે, ખરું?

શિવજી કહે - પડે જ છે.

પાર્વતી કહે - પણ ત્રણ વર્ષથી તમે શંખ વગાડ્યો નથી. તમે શંખ વગાડવાનું ભૂલી નહિ જાવ શું?

શિવજી કહે - શંખ વગાડવાનું તે કદી ભુલાતું હશે?

પાર્વતી કહે - મને તો લાગે છે કે તમે જરૂર ભૂલી ગયા છો.

શિવજી કહે - હું નથી ભૂલ્યો, નથી ભૂલ્યો, નથી ભૂલ્યો.

પાર્વતી કહે - તમે ચોક્કસ ભૂલી ગયા છો. લગાવો શરત. આવી જાવ.

શરતની વાત આવી એટલે શિવજીને પાણી ચઢ્યું. એ તો ભોળા શંભુ હતા જ. તેમણે તો જોશમાં આવીને વગાડ્યો શંખ જોરથી.

તેમને શંખ વગાડતા જોઈ પાર્વતીજી ખૂબ ખૂબ હસવા લાગ્યાં. કેમ કે શંખ વાગવાની સાથે આકાશમાં પવન ફૂંકાવા લાગ્યો. વાદળ ઘેરાવા લાગ્યાં. જોતજોતામાં ધોધમાર વરસાદ પડવા લાગ્યો.

ધરતીના લોકો રાજી રાજી થઈ ગયાં.

ત્રણ વર્ષથી તપેલાં લોકો વરસાદમાં દોડી આવ્યા. નાના મોટા સહુ નાચવા અને કૂદવા લાગ્યા.

ધરતી ઉપર આનંદનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું.

શિવજી આ દ્રશ્ય જોઈ બાઘા બની ગયા. પોતાના ભોળપણ ઉપર જાતે જ હસી પડ્યા.

પાર્વતીજીની ચાતુરી તેઓ જાણી ગયા. પણ પાર્વતી ઉપર તેઓ નારાજ થયા નહિ. તેમણે પાર્વતીને ધન્યવાદ આપ્યા.

તેમણે કહ્યું - સ્ત્રી ખરેખર દયાની દેવી છે. પાર્વતી! તેં તારી દયાથી ઘડીભરમાં પૃથ્વીને નવ વર્ષના દુકાળમાંથી બચાવી લીધી.

નીચે ધરતીના લોકો ખુશી આનંદમાં ગાતા હતા. ■

સિંહ હતો એ માનવ



સોહનલાલ પાઠક

‘અમારી આઝાદીને માટે પથ્થર બની રહેતા એ ગોરાઓ તમે તો સો સો વાર ભારતની માફી માગશો તો પણ તમારું પ્રાયશ્ચિત નહિ થાય.’

સોહનલાલ પાઠક. એ નામ સાથે વીરતા વરેલી હતી. ૧૯૧૦ની આસપાસમાં સોહનલાલ સિંહ તરીકે ઓળખાતો હતો. ૧૯૧૦માં તેણે જાતે શીખ રેજીમેન્ટમાં નોકરી કરી હતી અને ધીરે ધીરે લશ્કરને ગોરી સરકાર માટે તૈયાર કર્યું હતું.

૧૯૧૪માં તેણે બ્રહ્મદેશના લશ્કરને ગોરી સરકાર સામે ઉશ્કેરી મૂક્યું અને ગોરાઓની એ સરકાર સોહનસિંહથી એટલી તો ડરી ગઈ હતી કે એક માનવીને પકડવા આખું લશ્કર રોક્યું.

સોહનલાલ પકડાયો. ગિરફતાર થયો, તેને ફાંસીની સજા થઈ!

ફાંસી વખતે ત્યારના ગોરા લાટે જાતે જ હાજર રહીને કહ્યું - ‘સોહન! તારા બ્રિટિશ સરકાર સામેના ગુનાઓ માફ નહિ થઈ શકે તેવા છે. તેં દેશ અને વિદેશમાં અમારી વિરુધ્ધ બળવો ઉભો કર્યો છે, છતાં જો તું માફી માહતો હોય તો હું અત્યારે તારી સજા રદ કરાવવા તૈયાર છું.’

સોહનલાલે છાતી કાઢીને કહ્યું - ‘લાટ! માફી મારે નહિ તમારે માગવાની છે, કેમ કે ગુનો તમે કરી રહ્યા છો. માનવ જાતનો ગુનો. બીજી પ્રજાને ગુલામ રાખવાનો ગુનો. અમારી આઝાદીને માટે પથ્થર બની રહેતા એ ગોરાઓ તમે તો સો સો વાર ભારતની માફી માગશો તો પણ તમારું પ્રાયશ્ચિત નહિ થાય.’

‘એને ફાંસી દઈ દો.’ જોરથી ગર્જના કરીને લાટે બૂમ પાડી.

મોહનલાલે હસતે ચહેરે પોતે જ દોરડું ખેંચ્યું. પોતાના ગળામાં ભરાવ્યું અને મારાઓને હુકમ આપ્યો - ‘ખેંચો.’

ગોરો લાટ ત્યારે પરાજયથી પરાસ્ત થઈ પગ ઠોકીને બોલી ઊઠ્યો - ‘સિંહ હતો, સાચે જ એ સિંહ હતો.’ ■

બહાદુર સસલો

જાગૃતિ 'નિર્મોહી'



એક જંગલ હતું. જંગલમાં અલગ અલગ પ્રાણીઓ રહેતાં હતાં. જગ્ગુ સિંહ અને જગી સિંહણનો પરિવાર પણ જંગલમાં રહેતો હતો. રસુ રીંછ, વેની જિરાફ, હની હરણ સાથે ભાવુ સસલાનો પરિવાર પણ રહેતો હતો.

જંગલમાં રહેતાં બધાં પ્રાણીઓ હળીમળીને રહેતાં હતાં. એકબીજાને મદદ કરતાં હતાં. સિંહ રાજાજી બધા પ્રાણીઓનું ધ્યાન રાખતા હતા.

દિવાળીના દિવસો આવ્યાં. પ્રાણીઓને નજીકના ગામની લાઈટો જોઈ જંગલમાં લાઈટો લગાવવાનું મન થયું હતું.

બધા વાતો કરે પણ કોઈ રાજાજી સામે જઈ ન શકે. વેની અને જગી સારા મિત્રો હતા. વેનીએ વિચાર્યું જગ્ગુ સિંહ પાસે ન પહોંચાય, પણ જગીને હું વાત કરું તો એ રાજાજીને મનાવી લેશે.

વેની જિરાફ ઊંચી ડોકે જગી પાસે પહોંચ્યું. વેનીએ જગીને કહ્યું, 'બાજુના શહેરમાં લોકો દિવાળી ઉજવે.એ જોઈને આપણાં બાળકોને દિવાળી ઉજવવી છે.'

જગી સહેજ નવાઈ સાથે બોલી, 'દિવાળી? એ શું? એમાં શું કરવાનું હોય?'

વેની જિરાફ બોલ્યું, 'દિવાળી અમાસના દિવસે આવે. ઘરની સફાઈ કરવાની, નાસ્તા બનાવવાના, રંગોળી કરવાની, ફટાકડા ફોડવાના, નવાં કપડાં પહેરવાનાં...'

ત્યાં રાજાજી આવ્યાં. એમણે પૂછ્યું, 'કેમ છે વેની? કંઈ તકલીફ છે?

વેની કહે, 'ના, ના, કંઈ તકલીફ નથી. એમ જ આવ્યો હતો.'

જગ્ગુ સિંહને જોઈ વેની જિરાફ તો ડરના માર્યા ત્યાંથી ચાલવા માંડ્યું.

ત્યાં ઉછળતો કૂદતો ભાવુ સસલો નીકળ્યો. વેની જિરાફને જોઈ ઊભો રહી ગયો અને પૂછવા લાગ્યો, 'કેમ તમે અહીંયા?'

વેની જિરાફ બોલ્યું, 'ભાવુ, તેં બાજુના શહેરની રાત્રે રોશની જોઈ?'

ભાવુએ કહ્યું, 'હા,એ તો દિવાળીની તૈયારીઓ કરે.'

વેની જિરાફ બોલ્યું, 'આપણા બધા બાળકોને દિવાળી ઉજવવી છે. એટલે રાજાજી ને વાત કરવી હતી પણ મને તો એમણે જોઈને ડર લાગ્યો.'

ભાવુ સસલો બોલ્યો, 'સમજી ગયો!'

ભાવુ વેની જીરાફ ફરતે ગોળ-ગોળ ફરતો જાય અને મોટે મોટેથી ગીત ગાતો જાય -

'આવો, આવો દિવાળી કરવા આવો.
બાળકોની સાથે તમે માતા-પિતા આવો.
મીઠાઈઓ ખાઈને ફટાકડાની શેર સળગાવો.
ભેગા મળીને નવો તહેવાર મનાવો.'

ભાવુનું ગીત સાંભળી જગ્ગુ સિંહ અને જગી સિંહણ બહાર આવ્યા. તેઓ બંને ગીત સાંભળી ખુશ થઈ ગયા હતા. જગ્ગુ સિહે કહ્યું,' ભાવુ મસ્ત ગીત ગાતો હતો. આ બધું શું?ક્યાં જઈ આવ્યો?'

ભાવુએ કહ્યું,'રાજાજી દિવાળી છે એટલે મીઠાઈઓ, કપડાં અને ફટાકડા લઈ આવ્યો.

જગ્ગુ સિંહે ભાવુની વાત સાંભળી પૂછ્યું, 'તું દિવાળી ઉજવવાનો?' ત્યાં વચમાં જગી બોલી,' મારે પણ દિવાળીનો તહેવાર ઉજવવો છે.'

જગ્ગુ સિંહ ખડખડાટ હસ્યો. વેની જિરાફ જગ્ગુના હસવાથી ખૂબ ડરી ગયું. ભાવુ સસલો બે ફૂલાંગ પાછો જઈ ભેગો હસવા લાગ્યો. વેની જિરાફ તો ધ્રૂજવા લાગ્યું હતું. ભાવલો ભાગી જશે... નક્કી મારું આવી બનશે...

ત્યાં તો જગ્ગુ સિંહે વેની જિરાફ પર હાથ મૂકી કહ્યું, 'ચાલો...ચાલો... આપણે દિવાળી કરીએ.'

વેનીના જીવમાં જીવ આવ્યો. ભાવુ સસલો રાજાની 'વાહ! વાહ!'માં જગ્ગુ સિંહ અને જગી સિંહણની આસપાસ નાચતો કૂદતો ગાવા માંડ્યો-

'આવો આવો રાજા રાણીજી,
સાથે લઈ આવજો મામા મામીજી.
તૈયારીઓમાં લાગી જઈએ વેનીજી,
જંગલમાં સૌએ દિવાળી કરશુંજી.'

ગાતાં ગાતાં ભાવુ સસલો અને વેની જિરાફ ત્યાંથી નીકળી ગયાં. વેની જિરાફ કહે, 'ભાવુ તું ન આવ્યો હોત તો હું તો ડરનો માર્યો મરી જાત.'

ભાવુ કહે, 'બહુ ત્યાં જવું નહિ. આપણે દિવાળીના કામમાં ધ્યાન રાખવાનું.'

વેની જિરાફ તો ભાવુની સમજ અને બહાદુરી જોઈ ખુશ થઈ ગયું હતું. એના કારણે જંગલમાં દિવાળી થવાની હતી. ભાવુની દેખરેખ નીચે દિવાળીની તૈયારીઓ શરૂ થઈ. જંગલના ઝાડે-ઝાડે રોશની ગોઠવાઈ હતી. વેની જીરાફ અને હની હરણ રંગોળી પૂરવા લાગ્યાં.

દિવાળીની રાત્રે જગ્ગુ સિંહ અને જગી સિંહણ સાથે મોતી વાઘમામા અને લેલી વાઘણમામી આવ્યાં. બધા બાળકો સાથે ભેગાં થયાં હતાં.

જગ્ગુ સિંહે બધાને શુભકામના આપી. પ્રદૂષણ વિનાની દિવાળી અંગે સૂચના આપી.

ભાવુ સસલાએ બાળકોને તારામંડળ સળગાવી આપ્યા. રસોઈ છે કોઠીના ફુવારા અને ચકરડી ફેરવી. હની હરણે સપ્તરંગી ફુવારા છોડ્યા.

અવાજ નહિ અને બહુ ધુમાડા નહિ એવી રીતે દિવાળી ઉજવાઈ ગઈ. જગ્ગુ સિંહ અને જગી સિંહણે સૌને ભેટ આપી. આમાં મુખ્ય મહેમાન તરીકે ચિલ્લુ વાંદરાભાઈ આવ્યા હતા. એ પત્રકાર હતા. એમને ખૂબ મજા આવી.

બીજા દિવસે નવા વર્ષે બધા નવાં નવાં કપડાં પહેરીને આવી ગયાં. મોં મીઠું કરી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. વડીલોને પગે લાગ્યા. સૌ સાથે જમ્યા. બાળકો દોડતાં જાય અને મોજથી ગાતાં જાય-

'દિવાળી આવી, દિવાળી આવી,
ફટાકડાને મીઠાઈ લાવી.
નવા મજાના કપડાં લાવી,
આનંદ સાથે ખુશીઓ લાવી.'

જંગલનાં પ્રાણીઓની દિવાળીનો સંદેશ ચિલ્લુ વાંદરાભાઈએ દૂર દૂર સુધી પહોંચાડ્યો. સૌએ મોજથી દિવાળી કરી અને ખાધું, પીધું ને રાજ કીધું. ■

Reading Room

Continued from page 11

dress or behave differently.

What should children learn from this book?

Be kind to newcomers: Never make fun of someone because they speak differently or come from another country.

Respect different cultures: Every culture has its own traditions, food, language and values. Differences should be celebrated.

Never lose hope: Difficult beginnings do not necessarily mean unhappy endings.

Value your family: When everything else changes, family can become your greatest source of strength.

Be patient with yourself: Learning a new language or adjusting to a new environment takes time. Making mistakes is perfectly normal.

Final Words

Inside Out & Back Again is a beautiful reminder that home is not just a place; it is also the people, memories and experiences we carry with us. Its sequel, When Clouds Touch Us (2023), continues Hà's journey two years after her arrival in America. As of November 2026, no major film or television adaptation of the book has been released.

This is a wonderful book for children because it teaches them something that textbooks cannot always explain: to understand another person's struggles, we must first learn to see the world through their eyes. ■

આપણા સ્વાતંત્ર્ય નાયકો

વિશ્વેશ્વર



વિશ્વેશ્વર લાહોરના વતની હતા. લાહોરની બધી કોલેજનાં સભ્યોએ મળીને સ્ટુડન્ટ્સ યુનિયન નામની એક સંસ્થા સ્થાપી હતી. વિશ્વેશ્વર તેનાં સભ્ય હતા. આ સંસ્થાનું નિર્માણ ભગવતીચરણ વોહરાની પ્રેરણાથી થયું હતું. પછીથી તેનો હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘમાં વિલય થઈ ગયેલો. વિશ્વેશ્વર હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘમાં પણ એટલા જ સક્રિય રહ્યા. તેઓ બહુ સ્ફુર્તિલા યુવક હતા. એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર વાંદરાની જેમ કૂદી જતા. તેમની આ સ્ફુર્તિ જોઈને ભગવતીચરણ તેમને બુલેટ (ગોળી) કહીને બોલાવતા. ચંદ્રશેખર આઝાદે તેમને દિલ્હી બોલાવીને ગાડિયા ધાડમાં સામેલ કરેલા. પરંતુ દિલ્હી તેમને માફક ન આવ્યું. પાછા લાહોર આવતા રહ્યા. લાહોરમાં ભગવતીચરણનું બોમ્બ પરીક્ષણમાં મૃત્યુ થતાં પોલીસની નજરથી બચવા ધર્મપુર ભણી નાઠા. તેમણે ખરું પરાક્રમ ગુરુદાસપુરમાં ખાનબહાદુર અજીજ પર હુમલો કરવામાં બતાવ્યું. ખાનબહાદુર કાંતિકારીઓના આકોશનો ભોગ એટલા માટે બન્યો હતો કે તેણે ભગતસિંહના મામલામાં તપાસ કરી હતી. તેને કારણે જ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસીની સજા નિશ્ચિત બની હતી. ખાનબહાદુરને તેના કુકર્મનો બદલો આપવા ૧ ઓક્ટોબર, ૧૯૩૦ના રોજ વિશ્વેશ્વર, ધન્વંતરી અને ટહલસિંહે તેના પર ગોળીબાર કર્યો. દુર્ભાગ્યે ખાનબહાદુર બચી ગયો. ત્રણે કાંતિકારીઓ ધરપકડથી બચવા નાઠા, પરંતુ મહિના પછી વિશ્વેશ્વર અને ટહલસિંહ પોલીસના હાથે ઝડપાઈ ગયા. પોલીસની આખી ટીમ હતી જ્યારે સામે પક્ષે બે જ કાંતિકારીઓ. એમાંય પિસ્તોલ તો બંને વચ્ચે એક જ હતી. ટહલસિંહે પોતાની પિસ્તોલથી પોલીસ પર ગોળીબાર કર્યો, પરંતુ એ નિશાન ચૂકી ગયા. ઊલટાના પાછળ ઊભેલા પોલીસના હાથેથી એ પકડાઈ ગયા. વિશ્વેશ્વર સાવ નિશસ્ત્ર નહોતા. તેમની પાસે એક ચપ્પુ હતું. પરંતુ પિસ્તોલધારી પોલીસની ટીમ સામે ચપ્પુનું શું ગજું? વિશ્વર હાથમાં લઈને પોલીસની સામનો કરવા સજ્જ થઈ ગયા. તોયે સામેથી ચેતવણી મળી, 'ચપ્પુ ફેંકી દે. નહિતર ગોળી ચલાવવામાં આવશે.' જવાબમાં વિશ્વેશ્વરે બહાદુરી બતાવતાં કહ્યું : 'કાંતિકારીઓ ક્યારેય પોતાનું શસ્ત્ર ફેંકતા નથી.' આટલું કહેતા તેઓ ચપ્પુ સાથે પોલીસ પર હુમલો કરવા ધસી ગયા. એમને એમ હતું કે કમ સે કમ પોતે એકાદ પોલીસની તો લોથ ઢાળતા જશે. પરંતુ એમનું ચપ્પુ કોઈના શરીરમાં ખૂંપે એ પહેલાં એમના શરીરમાં એક પોલીસની ગોળી ખૂંપી ગઈ. થોડીવાર તરફડ્યાં મારીને એમણે ત્યાં જ પ્રાણ છોડી દીધા. વધુ એક ફૂલ ભારતમાતાનાં ચરણોમાં સમર્પિત થઈ ગયું.

વિશ્વેશ્વર, ધન્વંતરી અને ટહલસિંહે તેના પર ગોળીબાર કર્યો. દુર્ભાગ્યે ખાનબહાદુર બચી ગયો. ત્રણે કાંતિકારીઓ ધરપકડથી બચવા નાઠા, પરંતુ મહિના પછી વિશ્વેશ્વર અને ટહલસિંહ પોલીસના હાથે ઝડપાઈ ગયા. પોલીસની આખી ટીમ હતી જ્યારે સામે પક્ષે બે જ કાંતિકારીઓ.

- જિતેન્દ્ર પટેલ



વોશિંગ મશીનમાં કપડાં કેવી રીતે ધોવાય છે ?

કપડાં ધોવા માટેનું વોશિંગ મશીન તો તમે જોયું જ હશે. એક મોટી પેટી જેવા યંત્રમાં પાણી, સાબુ કે ડીટર્જન્ટનો પાવડર તેમજ કપડાં નાખી દો એટલે એ મશીન આપોઆપ કપડાને સાબુ લગાડી ચોળી, નીચોવી અને સુકવી પણ આપે. આ બધુ તેમાં કઈ રીતે થાય છે તે જાણો છો ? બહારથી સામાન્ય પેટી જેવું લાગતુ વોશિંગ મશીન વજનમાં ખૂબ ભારે હોય છે કારણકે તેમાં કપડાને ઝડપથી ફેરવવા માટેની મોટર અને પાણીના નિકાલ માટે અનેક નળીઓ હોય છે. આખું મશીન વીજપ્રવાહથી ચાલે છે. મશીનની ઉપરના ભાગે જુદી જુદી સ્વીચ હોય છે. જે આપણી અનુકૂળતા પ્રમાણે કામ કરે છે. ધોવા માટેની કપડાની સંખ્યા, પાણીનુ પ્રમાણ વગેરેના પ્રમાણમાં જુદી- જુદી ક્ષમતામાં તે કામ કરે છે. સાબુવાળા પાણીમાં પડેલા કપડાને આ મશીન ઝડપથી ચક્કારે ઘૂમાવે છે. એટલે કપડાં ચોળાય છે. અને તેમનો મેલ છૂટો પડે છે. થોડીવાર આ પ્રક્રિયા ચાલ્યા બાદ મશીનમાંનું પાણી નિકાલ થઈ જાય છે. અને મશીન ફરીથી ભીના કપડાને ઘૂમાવે છે. કે જેથી રહ્યુ સહ્યુ પાણી પણ નીકળી જાય તે પાણી નીકળી ગયા પછી ફરીવાર ઘુમાવવાથી કપડાં અર્ધા સૂકાઈ જાય છે જેને બહાર કાઢ્યા બાદ થોડી વાર સૂકવવાની જ જરૂર રહે છે.

આમ વોશિંગ મશીન ગૃહિણીઓના પરિશ્રમ અને સમયનો બચાવ કરે છે. વોશિંગ મશીન અનેક પ્રકારના હોય છે અને દરેકની રચના અને કાર્ય પદ્ધતિમાં થોડો ઘણો ફેર હોય છે. પરંતુ તમામ મશીન એક જ સિધ્ધાંત પર કામ કરતાં હોય છે.

મીણબત્તીની જ્યોતનું વિજ્ઞાન

વીજળીના બલ્બની શોધ પહેલા રાત્રે પ્રકાશ મેળવવાનું મુખ્ય સાધન મીણબત્તી હતી. મીણબત્તીની પ્રકાશ આપતી જ્યોતનું અનોખું વિજ્ઞાન છે. ગરમીથી મીણ પીગળે અને દિવેટ મારફત ઊંચે ચઢી સળગે અને જ્યોત બને. મીણ બળે છતાંય કેટલુંક મીણ રેલાઈને ફરીથી જામતું જાય.



મીણબત્તીમાં પીગળેલું મીણ વધુ ગરમી મળતાં વરાળ બને છે. મીણની આ વરાળ અન્ય ગેસની જેમ જ સળગે છે. તે ઓક્સિજન સાથે પ્રક્રિયા કરી કાર્બન ડાયોક્સાઈડ છૂટો પાડે છે. આ ગરમીને થર્મલ એનર્જી કહે છે. રસાયણમાં સંગ્રહ થયેલી ઉર્જા આપણે મેળવીએ છીએ.

મીણબત્તીનું મીણ પીગળીને સળગે ત્યારે ઓક્સિજનનો પૂરો ઉપયોગ થતો નથી. અને તેમાં હવા પણ ભળે છે. ધીમે ધીમે સળગતા મીણના સૂક્ષ્મ કાર્બન કણો ફેલાય છે. આ કાર્બન કણો ગરમીને કારણે પીળો પ્રકાશિત રંગ ધારણ કરે છે જે આપણને પીળી જ્યોત સ્વરૂપે દેખાય છે અને પ્રકાશ આપે છે. આમ મીણબત્તીની જ્યોત મીણ નહીં પણ કાર્બનના પ્રકાશિત કણોની બનેલી છે. ફાનસ, કેરોસીન કે તેલના દીવા પણ આ રીતે ધીમે ધીમે દહન થઈને પ્રકાશ આપે છે. પ્રકાશ એ થર્મલ રેડિએશન છે.

પ્રાચીન ટેકનોલોજીની અદ્‌ભૂત ઘડિયાળ : પ્રાગ ઓર્લોજ



વહાણવટાના વિકાસ સાથે તેને ઉપયોગી અનેક સાધનો પણ વિકસ્યા. ૧૫મી સદીમાં વિવિધ પ્રકારના ભૌમિતિક સાધનો ઉપરાંત ઘડિયાળો પણ બનતી. આ બધી વસ્તુઓ ચોકસાઈપૂર્વક કામ તો કરે જ પણ દેખાવમાં સુંદર અને કલાત્મક બનતી. ઈ.સ.૧૪૧૦માં બનેલી પ્રાગ ઓર્લોજ ઘડિયાળ ટેકનોલોજીનો ઉત્તમ નમૂનો છે. ઝેકના પાટનગર પ્રાગ ખાતે આ ઘડિયાળ આવેલી છે અને વિશ્વપ્રસિધ્ધ છે.

પ્રાગ ઓર્લોજને એસ્ટ્રોનોમિકલ ક્લોક પણ કહે છે. તે સમય ઉપરાંત રાશિ ભ્રમણ, સૂર્યચંદ્રની સ્થિતિ તેમજ ઘણી ખગોળીય માહિતી દર્શાવે છે. વિશાળ કદની આ ઘડિયાળ સુંદર અને કલાત્મક છે. તેની આસપાસ દેવી દેવતાની મૂર્તિઓ છે. પ્રાગ ઓર્લોજના ભૂરા રંગના વિશાળ ડાયલમાં ફરતા સૂર્ય, ચંદ્ર અને રાશિઓનાં પ્રતિકો અને સોનેરી રંગના રોમન આંકડા છે. આ ઘડિયાળ ૨૪ કલાકનો સમય બતાવે છે. ઈ.સ. ૧૮૭૦માં ઘડિયાળ હેઠળ કેલેન્ડર પણ ઉમેરવામાં આવેલું.

અવકાશનું અજબ ગજબ



- પૃથ્વી પર આજે આવતી ગરમી અને પ્રકાશ સૂર્યના પેટાળમાંથી ૩૦૦૦૦ વર્ષ પહેલાં નીકળેલા છે. ઉર્જાને સૂર્યના કેન્દ્રમાંથી સપાટી સુધી આવતાં હજારો વર્ષ લાગે છે પરંતુ સપાટી પરથી પૃથ્વી સુધી માત્ર આઠ મિનિટમાં પહોંચી જાય છે.
- ઈ.સ. ૧૮૪૩માં દેખાયેલા ગ્રેટ કોમેટની પૂંછડી ૮૦ કરોડ કિલોમીટર લાંબી હતી.
- સૂર્યમાળાનો સૌથી વિરાટ જવાળામુખી મંગળ ઉપર છે. મંગળનો ઓલિમ્પસ જવાળામુખી ૨૭ કિલોમીટર ઊંચો અને ૬૦૦ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે.
- બ્રહ્માંડમાં સૌથી વધુ ઘનતા ન્યુટ્રોન સ્ટારની છે. ન્યુટ્રોન સ્ટારના એક ચમચી જેટલા જથ્થાનું વજન લગભગ પૃથ્વી જેટલું થાય.
- ચંદ્ર દર વર્ષે પૃથ્વીથી ૩.૮ સેન્ટીમીટર દૂર જઈ રહ્યો

વિશ્વના વિજ્ઞાનીઓ

સેલ્યુલોઈડ પ્લાસ્ટિકનો શોધક જોહન વેઝલી હયાટ્



વિશ્વમાં ઉદ્યોગક્ષેત્રમાં પ્લાસ્ટિકનો ફાળો મહત્વનો છે. રોજિંદા વપરાશની સાથે ઉપરાંત ઉદ્યોગોમાં વપરાતી સાધનસામગ્રી બનાવવામાં પ્લાસ્ટિકનો વ્યાપક ઉપયોગ થાય છે. પ્લાસ્ટિકે લાકડા અને ધાતુનું સ્થાન લઈ લીધું છે. ફર્નિચરથી માંડીને રમકડા સુધીની વસ્તુઓ વિવિધ પ્રકારના પ્લાસ્ટિકમાંથી બને છે. સેલ્યુલોઇડ પ્લાસ્ટિક સખત અને ટકાઉ હોય છે. તેમાંથી ફર્નિચર, રમતગમતના સાધનો ઉપરાંત અનેક ગૃહઉપયોગી ચીજો બને છે તેની શોધ જોહન વેઝલી હયાટે કરી હતી. હયાટે બોલબેરિંગ, પાણી ગાળવાનું સાધન હયટ ફિલ્ટર વગેરે ૨૦૦ જેટલી શોધો કરી હતી.

જોહ્રન વેઝલીનો જન્મ ન્યૂયોર્કના સ્ટારકી ખાતે ઇ.સ.૧૮૩૭ના નવેમ્બરની ૨૮ તારીખે થયો હતો. તે ઝાઝું ભણ્યો નહોતો. ૧૫ વર્ષની ઉમરે તેણે ઇલિનોયના રમકડા બનાવતી કંપનીમાં કામે લાગ્યો. આ કંપનીમાં શતરંજના બોર્ડ અને પ્યાદાં બનાવવાનું મુખ્ય કામ હતું. આ ચીજો હાથીદાંતથી બનતી. હયાટે હાથીદાંતના બદલે સસ્તો અને સખત પદાર્થ બનાવવાનો વિચાર કરી સેલ્યુલોઝની શોધ કરી.

ઇંગ્લેન્ડના એલેકઝાન્ડર પર્કીન્સે શોધેલા નરમ પ્લાસ્ટિક ઉપર સંશોધનો કરીને તેણે સખત સેલ્યુલોઇડ શોધી કાઢ્યું જે ગરમી મળતાં પીગળે અને યોગ્ય ઘાટ આપ્યા પછી ઠરીને સખત થઈ જાય. સેલ્યુલોઈડ પ્લાસ્ટિકમાંથી રમતગમત માટે દડા તેમજ શતરંજના મહોરાં બનાવવાનું સરળ બન્યું. ઇ.સ.૧૮૬૯માં તેણે પોતે કરેલા પદાર્થને સેલ્યુલોઈડ નામ આપ્યું જે આજે પણ પ્રચલિત છે. સેલ્યુલોઈડની શોધ પછી તેણે તેના ઉત્પાદન માટે કંપની સ્થાપી. સેલ્યુલોઈડમાંથી કાંસકા, સંગીત અને રમતગમતનાં સાધનો, અને હાથીદાંતમાંથી બનતી તમામ ચીજો બનવા લાગી. હયાટને તેની આ શોધ બદલ ઇ.સ.૧૯૧૪માં પર્કિન મેડલ એનાયત થયો હતો. ઇ.સ.૧૯૨૦ના મે માસની ૧૦ તારીખે તેનું અવસાન થયું હતું.



ઇન્ડિયન બ્લેક બક : કાળું હરણ

વનવગડાનાં પ્રાણીઓમાં હરણ સૌથી સુંદર અને નિર્દોષ પ્રાણી છે. હરણ ઘણી જાતના અને ઘણા રંગનાં જોવા મળે છે. ભારતમાં જોવા મળતા કાળા હરણ વિશ્વ પ્રસિધ્ધ છે. કાળા હરણ ૩૨ ઇંચ ઊંચાઈના હોય છે. તેની પીઠ કાળા રંગની રૂવાંટીવાળી હોય છે. દાઢી અને પગ પર સફેદ વાળ હોય છે. તેની આંખની આસપાસ સફેદ રંગનું કુંડાળુ હોય છે. માદા હરણ બદામી રંગના હોય છે અને માદાને શિંગડાં હોતાં નથી. ઘાસ અને નાના છોડ ખાનારૂં આ પ્રાણી બીકણ હોય છે અને ટોળામાં રહે છે. હરણ ભયભીત થાય ત્યારે ખૂબ જ ઝડપથી દોડી શકે છે. આ હરણ બાર વર્ષનું આયુષ્ય ભોગવે છે. વાઘ અને સિંહનો હરણ પ્રિય શિકાર છે. કાળા હરણની વિશેષતા તેનાં શિંગડાં છે. નર કાળા હરણને ૨૮ ઇંચ લાબા વળ ચડેલા આકર્ષક શિંગડા હોય છે.



ફનટાઇમ

શિક્ષક : યમુના નદી ક્યાં વહે છે?
વિદ્યાર્થી : જમીન પર.
શિક્ષક : નકશામાં બતાવ.
વિદ્યાર્થી : નકશામાં કેવી રીતે બતાવું? નકશો પલળી નહીં જાય?



ચમનભાઈ : બહાર જોતો, સૂરજ નીકળ્યો કે નહીં?
નોકર : બહાર તો અંધારું છે.
ચમનભાઈ : તો ટોર્ચ લઈને જો, કામચોર!



શિક્ષક : કોઈ સ્કૂલ સામે બોમ્બ રાખીને જતું રહે તો તમે શું કરશો?
વિદ્યાર્થી : થોડી વાર રાહ જોઈએ. પછી કોઈ ના લઈ જાય તો સ્ટાફ રૂમમાં મૂકી દઈએ.

Wings of Courage:

A Wild Rescue Down Under!

What happens when two tiny mice take on the enormous Australian wilderness to save a little boy and a magnificent golden eagle? Adventure, danger, friendship and breathtaking animation come together in Disney's The Rescuers Down Under (1990). A visually spectacular wildlife adventure, this film proves that courage has nothing to do with size!

Imagine being a tiny mouse in a world inhabited by giant crocodiles, dangerous snakes, enormous birds and ruthless human beings. Sounds terrifying? Not for Bernard and Miss Bianca, two courageous mice who work for the Rescue Aid Society, an international organisation dedicated to helping people in danger.

Released on November 16, 1990, The Rescuers Down Under is the sequel to Disney's 1977 animated film The Rescuers. Directed by Hendel Butoy and Mike Gabriel, the movie takes the audience from the familiar surroundings of New York to the vast, breathtaking wilderness of the Australian Outback.

The story begins with Cody, a young Australian boy who has a special friendship with a magnificent golden eagle named Marahute. When Cody discovers that a ruthless poacher, Percival C. McLeach, is hunting the rare bird, he bravely attempts to protect her. Unfortunately, McLeach kidnaps Cody, hoping to force him to reveal the location of Marahute's nest.

A distress message reaches the Rescue Aid Society in New York. The organisation immediately sends its two most dependable agents, Bernard and Miss Bianca, to Australia. Their journey is made even more entertaining by Wilbur, a rather clumsy but lovable albatross who becomes their mode of transport.

Once in Australia, the duo receives assistance from Jake, an adventurous kangaroo rat who develops a special fondness for Miss Bianca, and Frank, a friendly frill-necked lizard. Together, they must outsmart McLeach, rescue Cody and save Marahute.



What follows is an exciting race against time involving daring escapes, dangerous encounters with wild animals, spectacular aerial sequences and plenty of comic moments.



The film's greatest attraction is perhaps the contrast between the tiny rescuers and the enormous world around them. Bernard and Bianca may be small, but their determination is enormous. And that is precisely what makes this adventure so enjoyable.

How was this movie made?

